દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
મંગળવાર ૧ એપ્રિલ, ૨૦૨૫

ટ્રમ્પના ઓટો ટેરિફ અમેરિકાને પણ મોટું નુકસાન પહોંચાડી શકે છે

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા છે ત્યારથી તેમના ટેરિફ ઉધામા ચાલુ છે. તેમણે ચીન, કેનેડા, મેક્સિકો જેવા દેશો પર તો જંગી ટેરિફ લાદી દીધા છે અને તેની સામે વળતા વેરાઓ અને અન્ય પગલાઓ પણ નોંતર્યા છે. તેમણે બીજી એપ્રિલથી ભારત સહિતના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને આ ટેરિફ અમલમાં મૂકાય તે પહેલા તો ટ્રમ્પે વિશ્વભરમાંથી અમેરિકામાં આયાત થતા ઓટો વાહનો પર જંગી આયાત વેરો લાદવાની જાહેરાત કરી દીધી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે તેઓ ઓટો આયાતો પર ૨૫ ટકા ટેરિફ લાદી રહ્યા છે, જે પગલા અંગે વ્હાઇટ હાઉસે દાવો કર્યો છે કે આ પગલું ફક્ત ઘરઆંગણેનું ઉત્પાદન જ નહીં વધારે પણ વૈશ્વિક સપ્લાય ચેઇન પર આધાર રાખતા ઓટો નિર્માતાઓ પર નાણાકીય દબાણ પણ મૂકશે. ટ્રમ્પે ઓટો વાહનો પર પચ્ચીસ ટકા ટેરિફ લાગુ પાડતા દુનિયાભરના અનેક દેશોને તેનાથી અસર થવાની શક્યતા ઉભી થઇ છે.

ટ્રમ્પ પોતાના પગલાઓ અંગે ડંફાસ મારવાનું ભાગ્યે જ ચુકે છે. સ્વચાલિત કે ઓટો વાહનો પર ટેરિફ લાદવાના પોતાના પગલા અંગે ટ્રમ્પે કહ્યું કે આ પગલું વિકાસને વેગ આપવાનું ચાલુ રાખશે. અમે અસરકારક રીતે ૨૫ ટકા ટેરિફ લાગુ પાડી રહ્યા છીએ એમ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું. વ્હાઇટ હાઉસને અપેક્ષા છે કે આ ટેરિફથી વાર્ષિક ૧૦૦ અબજ ડોલરની આવક થશે, પરંતુ આ ટેરિફ ગુંચવાડાભર્યો બની શકે છે કારણ કે અમેરિકી ઓટોમેકર્સ પણ વિશ્વભરમાંથી તેમના છૂટક ભાગો મંગાવે છે. એપ્રિલથી શરૂ થતા ટેક્સ વધારાનો અર્થ એ છે કે ઓટોમેકર્સને વધુ ખર્ચ અને ઓછા વેચાણનો સામનો કરવો પડી શકે છે, જો કે ટ્રમ્પ દલીલ કરે છે કે ટેરિફના કારણે અમેરિકામાં વાહન ઉત્પાદનની વધુ ફેક્ટરીઓ ખુલશે અને તેઓ જેને હાસ્યાસ્પદ સપ્લાય ચેઇન ગણાવે છે તેનો અંત આવશે જેમાં ઓટો પાર્ટ્સ અને ફિનિશ્ડ વાહનો, જે અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં ઉત્પાદિત થાય છે તેનો સમાવેશ થાય છે. પોતે જે ટેરિફ આદેશ પર હસ્તાક્ષર કર્યા તેના પર ભાર મૂકવા ટ્રમ્પે કહ્યું હતું કે આ કાયમી છે. ટ્રમ્પ લાંબા સમયથી કહેતા આવ્યા છે કે ઓટો આયાતો પરના ટેરિફથી અમેરિકામાં નવી ફેક્ટરીઓ ખુલશે, પરંતુ વિદેશોમાં પણ પ્લાન્ટો ધરાવતા અમેરિકી ઓટો ઉત્પાદકો માટે અમેરિકામાં તેમની ફેક્ટરીઓ ખસેડવામાં વર્ષો નિકળી જઇ શકે છે. અને હાલ તુરંત તો અમેરિકામાં ઓટો વાહનોના ભાવો વધી જ જઇ શકે છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઓટો પર ટેરિફ ૩ એપ્રિલથી વસૂલવાનું શરૂ કરાશે. જો ટેક્સ સંપૂર્ણપણે ગ્રાહકો પર પાસ કરવામાં આવે, તો આયાતી વાહન પર સરેરાશ ભાવ ૧૨૫૦૦ ડોલર વધી શકે છે, જે એકંદર ફુગાવામાં વધારો કરી શકે છે. અગ્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ટ્રમ્પને ફરી ચૂંટવા માટે મતદારોની એક એ અપેક્ષા પણ જવાબદાર હતી કે ટ્રમ્પ ચીજવસ્તુઓના ભાવો ઘટાડી શકે છે. પરંતુ ટ્રમ્પના હાલના પગલાઓ તો અમેરિકામાં મોંઘવારી વધારી મૂકે તેવા એંધાણ છે. વિદેશી નેતાઓએ આ ઓટો ટેરિફની તરત ટીકા કરી હતી, જે એક સંકેત હતો કે ટ્રમ્પ એક વ્યાપક વેપાર યુદ્ધને વધુ તીવ્ર બનાવી શકે છે જે વિશ્વભરના વિકાસને નુકસાન પહોંચાડી શકે છે. બ્રસેલ્સમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયનએ યુરોપિયન નિકાસોને નિશાન બનાવવાના અમેરિકાના નિર્ણય અંગે ખેદ વ્યક્ત કર્યો હતો અને પ્રતિજ્ઞા કરી હતી કે આ યુનિયન ગ્રાહકો અને ધંધાઓના હિતોનું રક્ષણ કરશે. કેનેડિયન વડાપ્રધાને આને સીધો હુમલો ગણાવ્યો હતો અને કહ્યુ હતું કે અમે અમારી કંપનીઓનું રક્ષણ કરીશું. બુધવારના સોદાઓમાં જનરલ મોટર્સના શેરના ભાવમાં ૩ ટકા જેટલો ઘટાડો થયો હતો જ્યારે જીપ અને ક્રિસ્લેરના માલિક સ્ટેલેન્ટિસના શેરો ૩.૬ ટકા જેટલા ગગડી ગયા હતા. આના પરથી જણાય છે કે ઓટો ટેરિફના ટ્રમ્પના પગલા અંગે અમેરિકામાં પણ ચિંતાઓ છે.

અમેરિકાને ફરી મહાન બનાવવાના ધખારામાં અને પોતે જેને અમેરિકા સાથે છેતરપિંડી માને છે તે કરવા બદલ વિશ્વના વિવિધ દેશોને પાઠ ભણાવવા માટે ટ્રમ્પ ટેરિફનો ઉપયોગ એક સાધન તરીકે કરી રહ્યા છે. આ લખાણ તમારા હાથમાં આવશે તેના બીજા દિવસથી રેસિપ્રોકલ ટેરિફ અમલમાં આવશે અને તેના પછીના દિવસથી ઓટો ટેરિફ અમલમાં આવશે. આમાં પણ આ ઓટો ટેરિફ અમેરિકાને પોતાને પણ નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે તેવી શક્યતાઓ દેખાય છે. ટ્રમ્પ ભલે અમેરિકાને ફરી મહાન બનાવવાની વાતો કરતા હોય અને પોતાના પગલાઓથી અમેરિકાને ઘણો ફાયદો થશે તેવી ડંફાસો મારતા હોય પણ ટ્રમ્પના અનેક પગલાઓ અમેરિકાને લાભને બદલે નુકસાન કરી શકે છે એમ વિશ્લેષણો જણાવે છે અને ટ્રમ્પના આ પગલાઓમાં ઓટો ટેરિફનો પણ સમાવેશ થઇ શકે છે.

મારે બેસ્ટ નથી બનવું

એક વિખ્યાત ચિત્રકાર હતા.તેમનો પુત્ર તેમનાથી પ્રેરિત થઈને રોજ ચિત્રો દોરે.સતત ચિત્રકળાની પ્રેક્ટીસ કરતો રહે અને ઘણી મહેનત બાદ તેને પોતાને એમ લાગે કે આ ચિત્ર સરસ છે તો તે ચિત્ર લઇ જઈને પિતાને બતાવે.પિતા કઈ બોલે નહિ;ખીજાય પણ નહિ બસ ચિત્રમાં જે જે ભૂલ જોય ત્યાં એક એક ટપકું કરે અને પછી પોતે હાથમાં પીંછી લઈને જ્યાં જ્યાં ટપકા કર્યા હોય ત્યાં ત્યાં રેખાઓના વણાંક કે સપ્રમાણતા કે રંગ સંયોજન કે ભાવમુદ્રામાં જરૂરી ફેરફાર કરી આપે અને ચિત્ર હતું તેનાથી સો ગણું સુંદર બની જાય.

અને પિતાની આ રીત દીકરો બરાબર અવલોકન કરી પોતાની ભૂલ સમજે અને બીજા ચિત્રમાં તે ભૂલ દુર કરે. ધીમે ધીમે પુત્ર રોજ એક ચિત્ર દોરવા લાગ્યો અને પિતાને બતાવતો.ચિત્રકાર પિતા પોતાની રીત પ્રમાણે તેને ભૂલો દેખાડતા અને સુધારી બતાવતા.અને ચિત્ર નીરખી ઉઠતું.એક વાત હતી કે હવે ચિત્રમાં મુકાતા ટપકાની સંખ્યા ઘટતી જતી હતી.તેનો ચિત્રકાર પિતાને આનંદ હતો.તેમણે પોતાના દીકરાને કહ્યું, 'સતત તારી ચિત્રકળા સુધરી રહી છે.આમ જ મહેનત કરતો રહે.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આમ ઘણા મહિનાઓ સતત ચાલ્યું.દીકરો એક દિવસ એક ચિત્ર લઈને પિતા પાસે આવ્યો.અને ચિત્રકાર પિતાના હાથમાં ચિત્ર આપ્યું.પિતાએ તે ચિત્ર હાથમાં લીધું.પુત્રએ ભૂલ હોય ત્યાં ટપકા મુકવા પેન પિતાને ધરી.પિતાએ પેન હાથમાં લીધી.અને બારીકાઈથી ચિત્રનું નિરીક્ષણ કર્યું.જેમ જેમ ચિત્રનું નિરીક્ષણ કરતા ગયા તેમ તેમ પિતાના મોઢા પર ખુશી અને ગર્વની લાગણી વધતી ગઈ.તેઓ ઉભા થઈ ગયા. આડું ઉભું ચિત્ર કરીને પણ ચકાસી લીધું.બરાબર અવલોકન કર્યું પછી પુત્રની પીઠ થાબડીને બોલ્યા, 'શાબાશ,દીકરા આ એકદમ સંપૂર્ણ સુંદર ચિત્ર છે.આમાં ક્યાંય પણ એક ટપકું મુકવાની જરૂર નથી.આ તારું બેસ્ટ ચિત્ર છે.બેટા તું જરૂર મહાન ચિત્રકાર બનીશ.આવતીકાલથી તારે કોઈ ચિત્ર મારી પાસે તપસાવવાની જરૂર નથી.'

પિતાના આ શબ્દો સાંભળી પુત્ર ખુશ થવાની બદલે દુ:ખી દુ:ખી થઈ ગયો.તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.' પિતા ચમક્યા અને બોલ્યા, 'અરે! આ શું દીકરા 'યુ આર બેસ્ટ' તારી ચિત્રકળામાં પૂર્ણતા આવી ગઈ છે.અને તું ખુશ થવાની બદલે રડે છે??' પુત્ર બોલ્યો, 'પિતાજી, મારે બેસ્ટ નથી બનવું..!! જો આ ચિત્ર મારું સૌથી સુંદર અને બેસ્ટ હોય તેમાં કોઈ સુધારો ન થઈ શકે તેમ હોય તો એનો અર્થ એમ થાય કે હવે આનાથી સારું ચિત્ર હું બનાવી શકીશ નહિ.તમે કહ્યું મારા ચિત્ર હવે તમે નહી તપાસો નહિ સુધારો તો હું નવું શીખીશ કઈ રીતે ?? પિતાજી. મારે સતત શીખતા રહેવું છે.બેસ્ટ બનીને અટકી નથી જવું.' પિતા તેની પીઠ થાબડી બોલ્યા, 'વાહ દીકરા,આ બેસ્ટ ન બનવાની ઈચ્છા જ તને હંમેશા બેસ્ટ બનાવશે અને તું સુંદરતમ ચિત્ર દોરી શકીશ.'

જાહેર જીવનમાં પ્રજાને જ કાયદા પાળવામાં રસ નથી પડતો?

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

શાસકો બદલાયા છતાં વ્યવસ્થાઓ બદલાતી નથી. જીવનમાં ફેર દેખાતો નથી અને આપણા શાસકો પણ આપણી આ નબળાઈને પંપાળે છે, પોષે છે અને આપણને નબળા પાડે છે

ચૈત્રી નવા વર્ષની શુભેચ્છાઓ. નવા વર્ષમાં લોકો ઘણા સંકલ્પ લે છે અને ઘણા સંકલ્પો તોડે છે.જીવનમાં નવો નિયમ લેવા માટે સંકલ્પ કરવાનો હોય છે પણ નિયમ તોડવા માટે કોઈ સંકલ્પની જરૂર નથી. ભારતના જાહેર જીવનમાં જબરો વિરોધાભાસ જોવા મળે છે. એક બાજુ લોકો ધર્મ,સંપ્રદાયના રુઢિના, પરંપરાના, સમાજના નિયમો જડની જેમ પાળે છે તો રોજિંદા જીવનના સરકારના કાયદાઓ આપણે ધરાર પાળવા નથી. કાયદાઓને અનુસરવામાં આપણે નોન કો-ઓપરેટીવ છીએ.

જરા વિચારો, આપણે અજાણપણે જ કેટલા કાયદા તોડીએ છીએ, વળી કેટલા બધા કાયદા અને નિયમો આપણે જાણીએ છીએ તો પણ તે મુજબ વર્તતા નથી. ફોનથી જ શરૂઆત કરો. વાહન ચલાવતી વખતે ફોન પર વાત ના કરાય.મોટા ભાગનાં કરે જ છે.પડીકામાં નાસ્તો ખાધા પછી પ્લાસ્ટિક પાઉચ રસ્તામાં ના ફેંકાય.મોટા ભાગનાં ફેંકે જ છે.વાહનો પાર્કિંગ કરવાથી મળીને ઘરમાં રીપેરીંગ કરવા સુધીના કેટલા નિયમો આપણે પાળીએ છીએ? આ લેખ ઉપદેશ આપવા નથી લખવામાં આવ્યો. આ લેખ ધ્યાન દોરવામાં તે લખાયો છે કે આપણને જ કાયદા પાળવા ગમતા નથી અને આપણા નેતાઓ આ જ આપણી નબળાઈને પોષે છે. રસ્તા પર દબાણ કરીને ધંધો કરવો, દુકાન હોય એના કરતાં વધારે તો દબાણ કરવાનું. આપણાં દવાખાનાં, દુકાનો, શિક્ષણ સંસ્થાઓમાં આપણે કર્મચારીઓને પૂરો પગાર નથી આપતા.શાળા કોલેજોમાં પૂરતી સુવિધાઓ નથી આપતા. બિલ્ડર હોઈએ તો મકાન બાંધવાથી મળીને વેચવા સુધી, મ્યુનિસિપાલીટીથી માંડીને કરવેરા સુધી બધે જ આપણે નિયમ તોડીએ છીએ.કરચોરી કરીએ છીએ. એવું નથી કે માત્ર ભૂલમાં જ નિયમો તૂટે છે. રોજિંદા જીવનના મોટા ભાગના નિયમો આપણને ગમતા નથી. ડુપ્લીકેટ સીડીનું બજાર,ગેરકાયદે દારૂનું બજાર,ગેરકાયદે કતલખાનાં, નિયમ વિરુદ્ધની શિક્ષણ સંસ્થાઓ, આ બધું જ આપણે ચલાવીએ છીએ અને અધિકારીઓને હપ્તા પણ આપણે જ આપીએ છીએ.

ભારતનું રાજકારણ આંખ આડા કાન કરવાનું રહ્યું છે. ખાસ તો સામાજિક બાબત હોય, ધાર્મિક બાબત હોય તો સત્તાવાળા ફરિયાદ ના થાય ત્યાં સુધી કોઈ પગલાં લેતાં નથી. તમે રસ્તા પર દારૂખાનું ફોડો. કોઈની ઉપર ફટાકડા ફેંકો. કોઈના ઘરમાં જાય એમ ફોડો. નવરાત્રીમાં બેસૂરું અને ખૂબ મોટેથી માઈક વગાડો. મોડી રાત સુધી લાઉડસ્પીકર વગાડો. કોઈ બોલશે નહિ. આપણને સરકાર કંઈ કરતી નથી એમ ફરિયાદ કરીને બેસી રહેવા સિવાય કંઈ સૂઝતું નથી પણ એક વાત એ પણ છે ને કે બધાં લોકો કાયદા પાળે અને થોડાક તોડે તો સરકાર પગલાં ભરે. બધાને જ કાયદો પાળવો ગમતો ના હોય તો સરકાર શું કરે?

નિયમ મુજબ ગુટખા પર પ્રતિબંધ છે. લોકો મસાલો અને તમાકુ જુદી જુદી ખરીદે છે અને ગુટખા બનાવી ખાય છે. પ્લાસ્ટિકના વપરાશમાં કાયદા કરતાં સમજણની વધારે જરૂર હોય એમ અમને લાગે છે.

માત્ર રોજિંદા અને ટ્રાફિકના કે ફોનના નિયમો તૂટે તો સમજ્યા પણ આપણે દીકરીને વારસામાં મિલકત નથી આપતા. જાતિ પરીક્ષણ આજે પણ મોટા પાયે થાય છે. છોકરીઓની છેડતી,સ્ત્રીઓ તરફનો આપણો વ્યવહાર,દલિતો તરફની માનસિકતા ક્યાંય કાયદાને માન આપવાની વૃત્તિ દેખાતી નથી. જો જરીક શાંતિથી બેસીને આપણા જીવન વિષે વિચારીએ તો આપણને જ થશે કે બધું હોતી હૈ ચાલતીની જેમ ચાલે છે.ચેનલો હોય કે છાપાં, કોઈ પોતાને પાળવાના નિયમો પાળતું નથી.

ભ્રષ્ટાચાર,શોષણ અને લાગવગશાહી બધે જ ચાલે છે. જ્યાં ફરજ પડે છે એટલા જ કાયદા આપણે પાળીએ છીએ.લાગે છે કે અંગ્રેજો સામે લડત ચલાવતી વખતે આપણા નેતાઓએ આપણને વિદેશી અને અન્યાયી કાયદાઓ તોડવા હાકલ કરી હતી. એ વાત ટેવ બનીને આપણા વર્તનમાં આવી ગઈ છે, જે આપણું શાસન અને આપણે ઘડેલા કાયદા બાદ પણ ચાલુ જ છે. કાયદા મુજબ વર્તવું જાણે હીણપતભર્યું અને કાયદા તોડવાનું હિંમતભર્યું લાગે છે માટે જ શાસકો બદલાયા છતાં વ્યવસ્થાઓ બદલાતી નથી. જીવનમાં ફેર દેખાતો નથી અને આપણા શાસકો પણ આપણી આ નબળાઈને પંપાળે છે, પોષે છે અને આપણને નબળા પાડે છે.વિક્રમના આ નવા વર્ષમાં માટે જ થાય છે કે ચાલો કાયદાનું શાસન વધે એવા પ્રયત્નો કરીએ. આપણે ઘડેલા કાયદા આપણે પાળીએ.હા, લોકશાહીમાં કાયદા ખોટા ઘડાય તો એ બદલવા જોઈએ. એનો વિરોધ થવો જોઈએ પણ કાયદો રાખો પણ ખરા અને પાળો પણ નહિ એ તો ના ચાલે.સ્વનું તંત્ર એટલે સ્વતંત્ર.તંત્ર જ ના હોય એવું તો ના હોય ને?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

લાવ તારી હથેળી, સરનામું લખી દઉં...!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

સરનામું એસી ચીજ હૈ..! મરે ત્યાં સુધી ફીટે નહિ! નામી નનામી નહિ થાય ત્યાં સુધી સરનામું વળગેલું હોય..! માથાદીઠ અનાજ મળે, એમ દરેક પાસે માથાદીઠ પોતાનું સરનામું હોય

કોઈની હથેળી સુધી પહોંચું, એટલો બાહોશ કે સાહસિક હું નથી. લગન પછી wifeની હથેળીમાં ડોકિયાં કરવાની ત્રેવડ ના હોય, એ કોઈની હથેળીમાં સરનામું લખવા જાય..? આ તો મગજની 'હોટશિટ' ઉપર બેસાઈ ગયું ને મરવા પડેલા ડહાપણને ફૂંપળ ફૂટી, કે લાવ આજે સરનામાં ઉપર રંગકામ કરું..! જેથી, ચિંતકોને ફિલ નહિ થાય કે, ચમનિયાનું ભેજું હવે ફળદ્રુપ નથી..! તાજમહાલ-કુતુબમિનાર-ગેટ વે ઓફ ઈન્ડિયા કે ઔરંગઝેબની કબર ખોદવા સુધીનાં ખોદકામ તો બધાં કરે, મને આજે સરનામાં ઉપર ઝરી કામ કરવાની ઉપડી. મદારીની જેમ મગજના થેલામાં હાથ નાંખ્યો તો 'સરનામા'નો વિષય નીકળ્યો. એની જાતને... ફસાઈ ગયો યાર..? વઢકણી wife સામે લાકડાની તલવારબાજી કરતો હોય એમ, લખતાં લખતાં પરસેવાન થઈ ગયો. સરનામાની કુંડળી કાઢવામાં, મારું સરનામું ભૂલી ગયો બોલો..! બંદાને એમ કે, સરનામું એટલે, ભાળ-પત્તો-ઠામ ને ઠેકાણું વાર્તા પૂરી..! એમાં બીજો શું તેજાનો આવવાનો? પઅઅણ... વાળંદ છૂટે ને ખૂંપરો ફૂટે એમ, વિચાર આવે, આવે ને ઊડી જાય! આખા શરીરે મધમાખી કરડી ગઈ હોય એવી પીડા ઉપડી. સરનામું એસી ચીજ હૈ..! મરે ત્યાં સુધી ફીટે નહિ! નામી નનામી નહિ થાય ત્યાં સુધી સરનામું વળગેલું હોય..! માથાદીઠ અનાજ મળે, એમ દરેક પાસે માથાદીઠ પોતાનું સરનામું હોય. ન્યાત-જાત-કુળ-ધર્મ જેવી જફા કે ઝંઝટ સરનામાને આડે આવતી નથી. પછી સુનીતા વિલિયમ સ્પેસમાં હોય કે પૃથ્વીના પટ ઉપર, સરનામું એની સાથે જ હોય. સ્પેસમાં પણ એ પોતાના સરનામા સાથે જ ઊડતાં હોય. જો કે, કોઈના ખાંખાખોરા કરવાની આદત નથી, બાકી ખોળવા બેસીએ તો, ક્યારેક સરનામું મળે તો માણસ ના મળે અને માણસ મળે તો, સરનામું ના મળે..! સાધુઓની કથા કરીએ તો, "સાધુ તો ચલતા ભલા..!'એ જ્યાં પણ 'અલખ નિરંજન'નો નાદ કાઢે, તે જ એનું સરનામું..! તેમના નામે નામું પણ ના હોય, ને સરનામું પણ..! જો કે, સાધુઓમાં પણ, આજકાલ તો અનેક પ્રકાર..! Branded સાધુઓની તો આખી વાત જ અલગ. જે સરનામાથી નહિ, પોતાની વેબ-સાઈટથી ઓળખાય..! ઉપરથી પાછું એવું કહે કે, 'યે સબ ભગવાનકી માયા હૈ..! બોલો...ચચરે કે નહિ..?

એટલી તો ખબર પડી કે, સરનામું માનવીનું અનિવાર્ય અંગ છે. જેની પાસે સરનામું નથી, એની જિંદગી બારી વગરના બંગલા જેવી છે. એના સિવાય વિશ્વનો બીજો મહાન ગરીબ કોઈ ના કહેવાય. આવાં લોકો માટે 'વિશ્વ ગરીબ દિવસ' ઉજવીને, સરનામાં આપવાના કાર્યક્રમ કરવા જોઈએ! આ તો એક Tip આપું..! બાકી, જિંદગીનું પણ આવું જ છે. એના કપાળમાં કાંદા ફોડું, જિંદગી જીવાઈ તો જાય, પણ જેના થકી જીવ્યા એના સરનામાં જ ભૂલી જાય..! શાણા માણસોએ wife અને સરનામું, ક્યારેય બદલવું નહિ. છતાં, 'પંખીડાને આ પિંજરું જૂનું જૂનું લાગે'ની માફક ઘણાને બદલવાની હેડકી આવતી જ હોય. ભગવાને ભારતમાં જન્મ આપ્યો તો સખણા રહો ને યાર..? કોઠા-કબાડા કરીને USA ગયા તો, ટ્રમ્પદાદાએ કેવી વલે કરી? લીલાં તોરણે જાન પાછી આવી ને? સ્થળચર-જળચરની માફક એક જ સરનામે રહીએ તો, ભગવાનને પણ ભૂલ નહિ પડે કે, 'પાર્સલ કરેલો મારો ધંતુરો હાલ ક્યા દેશમાં છે..?' પશુ-પક્ષીઓને કોઈ સરનામાં હોતાં નથી. જે ડાળી ઉપર પક્ષી બેસે એ જ એનું સરનામું! નહિ પૂછવાનું નથી. મા-બાપ કે પરિવાર ના હોય, સોનું-ચાંદી, લોન કે શેર બજાર સાથે નાતો ના હોય તો પણ જિંદગી ગબડવાની જ છે! પણ સરનામાં વગર નહિ ચાલે! સરનામું પોતીકી મિલકત છે મામૂ? જેની કિંમત ધારક કરતાં કુરિયરવાળા કે ટપાલીને વધારે હોય.

સરનામું હોય તો જ આપણા આંગણા પાવન કરવા કોઈ આવે. સરનામું ગમે એટલું ભવ્ય હોય, સુંદર હોય, ભરાવદાર હોય, પણ એમાં આપણો માલિકી ભાવ છે. ઘણાં લોકો સરનામામાં લખે, 'માતૃ-પિતા કૃપા..!' જોવા જાવ તો, મા-બાપ વૃદ્ધાશ્રમની ચોગઠમાં ટહેલતાં હોય..! સરનામામાં લખ્યું હોય આનંદદ્વાર અને ત્યાં 'રડારોળ' ચાલતી હોય..! આવું પાસે જ છે. જે ઘરે એ પાર્સલ કરે એ જ એનું સરનામું..! છતાં, સરનામાં બદલવાના ધાંધિયાં છોડે નહિ. નામ હોય કે, સરનામું, આ બધા શ્વાસના ખેલ છે બોસ..! એક ભિખારી મંદિરે ગયો, ચર્ચમાં ગયો. મસ્જીદની આસપાસ પણ ગયો, પણ કોઈએ પાઈ સુદ્ધાં નહિ પરખાવી. કંટાળીને શરાબની દુકાન આસપાસ ગયો તો, શરાબીઓએ એનો કટોરો ભરી દીધો. ત્યારે એ બોલ્યો. 'વાહ કુદરત..! તું સરનામું ક્યાંનું આપે, ને નીકળે ક્યાંથી..? કોઈ કવિએ સાચું જ કહ્યું છે કે,

'એક બિચારાએ લખી લખીને લખ્યો પ્રભુને કાગળ
સરનામું એવું કર્યું કે મંદિર મસ્જિદ આગળ પાછળ
શેરા સાથે પાછું આવ્યું, આ સરનામું ના ઉકલ્યું છે
ત્યારે બિચારાને ખબર પડી, ઈશ્વરે ઘર બદલ્યું છે'

લાસ્ટ બોલ

સિંહ અને સિંહણ ઝાડ નીચે આરામ ફરમાવતાં હતાં. ત્યાં એમની સામેથી એક હરણ એકદમ સ્પીડમાં ભાગી ગયું. સિંહણે આ જોયું અને સિંહને પૂછ્યું 'બેબી..! આ શું હતું..?'
સિંહ કહે, 'જાનુ...! એ Fast food હતું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ખુદા, તારી કસોટીની પ્રથા સારી નથી હોતી

જે વ્યક્તિ સચ્ચાઈ-ઈમાનદારીના માર્ગે ચાલે છે. તેની અનેક વાર કસોટી કરે છે. અનેક વિરોધ-અવરોધ આવે છે. જીવનમાં પડકારનો સામનો કરવો પડે છે. જ્યારે નીતિ છોડીને અનીતિના માર્ગે ચાલે છે અને કાળા-ગોરખધંધા કરે છે. તેને કાંઈ નડતું નથી. વૈભવ વિલાસવાળી જિંદગી જીવીને તાગડધિન્ના કરતો હોય છે. અંતે તો અંજામ બૂરો આવે છે. સીતારામ પરિવારના બાલુરામ બાપુ સત્સંગ-સભામાં કહે છે. ઉજળું એટલું સોનું નથી હોતું. આથી નીતિમત્તા જાળવી રાખવી જોઈએ. સત્યનો આખરે વિજય થાય જ છે.

તરસાડા- પ્રવીણસિંહ મહીડા

દબાણ એક મહાસમસ્યા

નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા એમાં થતાં દબાણો એક માથાના દુખાવા પુરવાર થતા આવ્યા છે. ખાસ કરીને રોડની આસપાસ અને ફૂટપાથ પર ફેરિયા, ખાદ્ય સામગ્રી વિક્રેતા પણ અમુક અંશે ગેરકાયદેસર દબાણ કરે છે. આના કારણે ફૂટપાથ પર ચાલનારા રાહદારીઓને તેમજ વાહનચાલકોને પણ ભયંકર હાડમારી થાય છે. એક તો દુકાનોમાં ખરીદી કરવા આવતા ગ્રાહકોની અવરજવર તેમજ આ લોકોએ કરેલાં દબાણોને કારણે રોડ રસ્તાના અવરોધને કારણે રસ્તા સાંકડા થાય છે એટલે અમુક વખતે અકસ્માતો પણ સર્જાતા હોય છે. મહદ્દ અંશે હપ્તાખોર પોલીસ અને પોલીટીશ્યન પણ આ વર્ગને છાવરે છે. આ ત્રાસ કોઈ એક શહેરનો નથી. ભારતનાં લગભગ તમામ શહેરોની આ જ પરિસ્થિતિ છે અને દિવસે દિવસે આ ત્રાસ વધતો જ જાય છે. સરકાર અને લોકલ ઓથોરીટીના ભ્રષ્ટાચારી અધિકારીઓ જયાં સુધી એમને છાવરતાં રહેશે ત્યાં સુધી પ્રજાએ આ મુશ્કેલીનો સામનો કરવો જ રહ્યો. પ્રજા બિચારી લાચાર બનીને આ ત્રાસ વેઠી રહી છે શું થાય? આમાંથી નીકળવાનો કોઈ ઉપાય ખરો?

સુરત - શીલા સુભાષ ભટ્ટ

બુધ્ધિ કોઈના બાપની નથી

ઉપર ગુજરાતી કહેવત આખી દુનિયાને લાગુ પડે છે. પરંતુ ભારતનું બુધ્ધિધન પણ કાંઈ જેવું તેવું નથી. ભારતમાં પણ ઘણાં બુધ્ધિશાળીઓ વસે છે. તાજેતરમાં જ પોતાની અંગત કેબીનેટમાં ગુજરાતના કાશ પટેલને લશ્કરી બાબતોમાં પણ સલાહકાર સમિતિમાં એક ભારતીય યુવાનને લીધા છે. ઓસ્ટ્રેલિયામાં ખુરશી દોડમાં પણ ભારતના વિકલાંગ યુવાનો ચમકયા છે. જે બોલી પણ શકતા નથી અને બરાબર ચાલી પણ શકતાં નથી. યુરોપમાં તો ઈંગ્લેન્ડના વડા પ્રધાનપદે આપણા ભારતનો યુવાન હતો. તાજેતરના સમાચારમાં એક ભારતીય યુવતી જે વિકલાંગ છે તે સંગીતમાં નામ કાઢી ગઈ. સેટેલાઈટ ક્ષેત્રે પણ એક દક્ષિણ ભારતની યુવતી ચમકી છે. આમ દરેક ક્ષેત્રમાં આપણાં ભારતીય યુવાનો ઝળકે છે. આને માટે યુવાન-યુવતીઓએ પ્રયત્નો કરવા પડે છે. મોબાઈલ અને નશામાં યુવાધન ખર્ચાય એ ભારત માટે નામોશીની વાત છે. આમ દરેક યુવાન-યુવતીએ પોતાને જેનો શોખ હોય તેમાં નામ કાઢવાના પ્રયત્નો કરવા જોઈએ. અવશ્ય યશ મળે જ છે.

પોંડીચેરી - ડો. કે.ટી. સોની

ન્યાયાધીશ પણ દૂધે ધોયેલા રહ્યાં નથી

અખબારોમાં દિલ્હીના ન્યાયાધીશ યશવંત વર્માનું કૌભાંડ નજરે ચઢ્યું છે. શ્રી વર્માના સરકારી આવાસમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો અને એમાં રૂપિયા પાંચસોની નોટોના બંડલો મોટા પ્રમાણમાં બળેલી હાલતમાં મળી આવ્યાં હતાં. હવે સવાલ એ થાય છે કે આટલી મોટી સંખ્યામાં રૂપિયા પાંચસોની નોટોના બંડલો શ્રી વર્માના આવાસમાં આવ્યાં ક્યાંથી? અને કઈ રીતે? ઉપરથી શ્રી વર્મા પોતે આશ્ચર્ય વ્યક્ત કરે છે કે, મને પોતાને પણ ખબર નથી, કે મારા આવાસમાં આ બધાં બંડલો આવ્યાં ક્યાંથી? હવે દીવા જેવી સ્પષ્ટ વાત છે કે પોતાના ઘરમાં કોઈ અન્ય વ્યક્તિ કઈ રીતે નાણાં મૂકી શકે. બીજું કે હાઈકોર્ટના ન્યાયાધીશોનાં બંગલે તો ૨૪ કલાક પોલીસ પહેરો હોય છે તો અન્ય વ્યક્તિ એમના ઘરમાં ક્યાંથી ઘૂસી શકે. લોભી અને લાલચુ ન્યાયાધીશો અમુક જજમેન્ટ બદલવાની ફી પેટે મોટા ઉદ્યોગપતિઓ, કારખાના માલિકો, મોટા રાજકીય નેતાઓ, ફિલ્મ સ્ટારોની વિરુદ્ધ થતાં કેસોને રફેદફે કરી એમની તરફેણમાં ચુકાદો આપવાનાં બદલામાં કરોડો રૂપિયાની ગેરકાનૂની સંપત્તિ એકઠી કરે છે. આમાં ન્યાય પ્રક્રિયાની ગરિમા કેવી રીતે જળવાઈ શકે. લોભી ન્યાયમૂર્તિઓએ કઈ કેટલાય નિર્દોષ લોકોને સજાઓ કરી દીધી હશે. આવા ન્યાયાધીશોને તત્કાળ સસ્પેન્ડ કરી દેવા જોઈએ અને એમની તમામ સ્થાવર અને જંગમ મિલકતોને જપ્ત કરવી જોઈએ.

હાલોલ - યોગેશભાઈ જોશી

બોગસ ડૉક્ટરોની હાટડી ફરી શરૂ

વોહી રફતાર... ખ્યાતિ કાંડ બાદ સમગ્ર ગુજરાતમાં આરોગ્ય વિભાગ કુંભકરણની નિદ્રા તોડી સફાળુ જાગ્યુ. દરેક તાલુકા જિલ્લા અને ગામડામાં રોકેટ ગતિએ અભિયાન ચાલ્યું. ઘણા બોગસ તબીબો વર્ષોથી દર્દીનાં આરોગ્ય સાથે ખીલવાડ કરતા હતા તે પકડાયા. ઘણા ભુગર્ભમાં પોતાના બોર્ડ ઉતારી ગાયબ થઈ ગયા. અત્યારે આરોગ્ય વિભાગની નબળી કાર્યવાહીથી આ બોગસ ડોક્ટર ફરી પોતાની હાટડી ખોલી દવાખાના ધમધમાવી રહ્યા છે. એ આમ જનતા જોઈ રહી છે. બોગસ તબીબ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવે તો ફરી હાટડી વધુ પ્રમાણમાં ચાલુ થશે. આશા રાખીયે આરોગ્ય બાબતે ખીલવાડ કરતા તબીબો સામે કડક કાર્વાહી રહી શિક્ષાત્મક પગલા લેવામાં આવે.

બારડોલી - એક જાગૃત નાગરીક

જ